Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

# સામાજિક સંસ્થા તરીકે સાર્વજનિક ગ્રંથાલયોની ભૂમિકા

રાહુલ તનસુખભાઈ સોલંકી

Library Assistant (Catlogue)

Pdu Medical College - Rajkot

**ચાવીરૂપ શબ્દો :**

*સાર્વજનિક ગ્રંથાલયો , સામાજિક સંસ્થા તરીકે સાર્વજનિક ગ્રંથાલયો, સમાજનું સ્વશિક્ષણ કેન્દ્ર, માહિતી પ્રસાર કેન્દ્ર, સાંસ્કૃતિક કેન્દ્ર, અક્ષરજ્ઞાન માટે મદદરૂપ ભૂમિકા, વાંચનટેવ અને સર્જનાત્મકતાનો વિકાસ, સમાજની જરૂરિયાત અનુસાર ગ્રંથસંગ્રહનો વિકાસ, સમાજ માટે લોકશાહી સંસ્થા.*

**પ્રસ્તાવના :**

સાર્વજનિક ગ્રંથાલય એક નિષ્પક્ષ લોકશાહી સંસ્થા છે. સમાજ દ્વારા બનાવવામાં આવેલ અને સંચાલિત સમાજના શિક્ષણને પહોચી વળવા સાંસ્કૃતિક, મનોરંજન, આધ્યાત્મિકતા અને માહિતી જરૂરિયાતો સાથે સબંધિત છે. આધુનિક સમાજમાં ગ્રંથાલયનો હેતુ શિક્ષણ અને શિક્ષણની નીતિ અને નિર્ણય લેવાની સંસ્થાઓ કે સમાજના સભ્યોને સામાન્ય હિતના મુદ્દાઓ પર જાગૃતિ અને શિક્ષણ વધારવા માટે વ્યાપક અર્થમાં માહિતી સહાય આપવાનો છે.

સાર્વજનિક ગ્રંથાલયો સમાજના લોકોમાં લોકશાહી મુલ્યોને પ્રોત્સાહન આપે છે. સાર્વજનિક ગ્રંથાલયો સમાજના સભ્યોને એકત્ર કરવામાં તેમજ સમાજના સ્વતંત્રતા, ન્યાય અને લોક્શાહીના મુદ્દાઓ વિશે વાત કરવા માટે પ્રોત્સાહિત કરવાની તકો પૂરી પાડીને લોકોના જીવનમાં મહત્વપર્ણ ભૂમિકા ભજવે છે.

ગ્રંથાલયને પુસ્તકો અને જ્ઞાનના અભયારણ્ય તરીકે દર્શાવવામાં આવે છે, તે તેની ભૌતિક હાજરીથી આગળ વધીને ગતિશીલ અને અનિવાર્ય સામાજિક સંસ્થા બની જાય છે.

સાહિત્યીક ખજાના સાથેના ગ્રંથાલય માનવની ક્રિયા અને તેની પ્રતિક્રિયા તેમજ શિક્ષણ અને સમાજના સંવર્ધનના જીવંત કેન્દ્ર તરીકે સેવા આપે છે. એક સામાજિક સંસ્થા તરીકે ગ્રંથાલય સમાજની બૌદ્ધિક અને

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

સાંસ્કૃતિક ધરોહરને આકાર આપવામાં મહત્વપૂર્ણ યોગદાન આપે છે. તે એક એવું સ્થાન છે, જ્યાં તમામ વિષય ક્ષેત્રના માનવ વિચારોના અમર્યાદ ક્ષેત્રોને જોડાણો વધારવા અને આજીવન શિક્ષણમાં જોડે છે.

**સાર્વજનિક ગ્રંથાલયો :**

સાર્વજનિક ગ્રંથાલય એટલે લોકો માટે, લોકો વડે ચાલતી જનસંસ્થા છે. આ માટે ગ્રંથાલયમાં જરૂરી ખુબ જ કિંમતી વાચન સાહિત્ય સંગ્રહવામાં આવે છે. આવા ગ્રંથાલયોનો  વહીવટ સ્થાનીક કક્ષાની સ્વાયત સમિતિઓ દ્વારા ચાલે છે. તેમને રાજ્ય સરકાર અનુદાન દ્વારા સહાય કરે છે. સાર્વજનિક ગ્રંથાલયો દેશની સંસ્કૃતિના વારસાને યોગ્ય રીતે સંગ્રહીને લોકો સુધી નવી પેઢીઓ સુધી પહોંચાડે છે. એ રીતે બે પેઢીઓ વચ્ચે સંકલન અને અનુસંધાન(જોડાણ) પણ કરે છે.

ટુંકમાં, સાર્વજનિક ગ્રંથાલય દેશની  સમૃદ્ધિ  માટે મહત્વપૂર્ણ સાધન છે, તેમજ સમાજની સભ્યતા, સંસ્કૃતિ તથા શિક્ષણની પ્રગતી માટે આવશ્યક છે. સાર્વજનિક ગ્રંથાલયોનો વ્યાપ,કાર્ય વિસ્તાર, સેવાનો પ્રકાર, વાચકોનો પ્રકાર વગેરે જોતાં નીચે પ્રમાણે પ્રકાર પાડી શકાય.

**રાષ્ટ્રીય ગ્રંથાલય :**

રાષ્ટ્રીય ગ્રંથાલય એ રાષ્ટ્રીય સંસ્કૃતિના વારસાનું જતન કરે છે અને વાંચનલક્ષી અભિગમ ધરાવતું રાષ્ટ્રીય સંગ્રહ સ્થાન છે. તેની સેવાઓનો વ્યાપ જોતાં તેને રાષ્ટ્રનું ઉચ્ચતમ કોટિનું સાર્વજનિક ગ્રંથાલય પણ કહી શકાય. આ ઉપરાંત રાષ્ટ્રીય ગ્રંથાલય રાષ્ટ્રનાં અન્ય પ્રકારનાં ગ્રંથાલયોને માહિતીસેવા, પ્રશિક્ષણ, આયોજન ,વહીવટ સંગઠન વગેરે ક્ષેત્રોમાં માર્ગદર્શન પણ આપે છે.

- તે સમગ્ર રાષ્ટ્રના સર્વાધીક મહત્વપૂર્ણ ગ્રંથાલયના રૂપમાં સેવા પ્રદાન કરે છે.
- રાષ્ટ્રનાં અન્ય પુસ્તકાલયને માર્ગદર્શન આપે છે.
- રાષ્ટ્રમાં પ્રકાશિત સમગ્ર સાહિત્યનો સંગ્રહ અને જતન કરે છે.
- અલભ્ય સાહિત્ય, હસ્તપ્રતો વગેરેનું કાળજીપૂર્વક જતન કરે છે.

**રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય :**

વડોદરામાં આવેલ કોપીરાઈટ ગ્રંથાલય તેમજ ગાંધીનગરમાં ગુજરાત રાજ્યનું રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય છે. આ ગ્રંથાલય રાજ્યનું મુખ્ય ગ્રંથાલય ઉપરાંત ગ્રંથસ્વામિત્વના કાયદા અનુસાર મેળવવામાં આવતાં પુસ્તકોના સંગ્રહનું કાર્ય પણ કરે છે. આવાં મેળવેલ પુસ્તકોના સૂચી પણ પ્રકાશિત કરવાની યોજના છે. આ ગ્રંથાલય રાજ્યનાં અન્ય જિલ્લા તેમજ તાલુકા ગ્રંથાલયનું નિરીક્ષણ તેમજ મુલ્યાંકન કરે છે .અને તેમને માર્ગદર્શન પણ આપે છે.

**જિલ્લા સરકારી ગ્રંથાલયો**

ગુજરાત સરકારે દરેક જીલ્લા મથકે જિલ્લા સરકારી ગ્રંથાલયની રચના કરવાની યોજના કરી છે. તેમાંથી 26 જેટલા જીલ્લા ગ્રંથાલય હાલ  અસ્તિત્વમાં છે. આ ગ્રંથાલયોનો  સંપૂર્ણ વહીવટ સરકારના હસ્તક હોય છે. તે ગ્રંથાલય વ્યવસ્થા અધિકારી અને રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલયને જવાબદાર હોય છે. આ ગ્રંથાલયો તાલુકા સરકારી ગ્રંથાલયો તથા અનુદાન લેતાં અન્ય ગ્રંથાલયોને માર્ગદર્શન આપે છે.

**તાલુકા સરકારી ગ્રંથાલયો** :

ગુજરાત સરકારે આદિવાસી વિસ્તારો તથા અન્ય વિસ્તારો કે જ્યાં તાલુકા મથકોએ સાર્વજનિક ગ્રંથાલયો અસ્તિત્વમાં ન હોય ત્યાં તાલુકા સરકારી ગ્રંથાલયો સ્થાપવાનો અભિગમ રાખ્યો છે. આવા 32 તાલુકા ગ્રંથાલયો અસ્તિત્વમાં આવ્યાં છે. અને સાતમી પંચવર્ષીય યોજનાના અંત સુધીમાં 84 જેટલા તાલુકા ગ્રંથાલયો ખોલવાની યોજના હતી.

**કોર્પોરેશન - મહાનગરોનાં ગ્રંથાલયો** :

૫૦,૦૦૦ કે તેથી વધુ વસ્તી હોય તેવાં શહેરોમાં કોર્પોરેશન - મહાનગરોનાં ગ્રંથાલયો હસ્તક આવાં ગ્રંથાલયોનો વહીવટ તથા ખર્ચ મહાનગરપાલિકા કરે છે, જયારે રાજ્ય સરકાર તેને અનુદાન આપે છે. તેથી સમગ્ર વહીવટ વ્યવસ્થા કોર્પોરેશન દ્વારા થાય છે.

આ ગ્રંથાલયનો ઉપયોગ કોઈ પણ જાતના ભેદભાવ વગર જે તે મહાનગરના નાગરિકો કરી શકે છે. અમદાવાદનું માણેકલાલ જેઠાલાલ પુસ્તકાલય આનું ઉદાહરણ છે. મહાનગરમાં વસ્તીના ધોરણે અન્ય શાખા ગ્રંથાલયો પણ ખોલવામાં આવે છે. તે દ્વારા દુરના વિસ્તારોના નાગરિકોને સેવા પ્રદાન કરવામાં આવે છે.

**નગરકક્ષા ૧ નાં ગ્રંથાલયો** :

૨૫ હજારથી ૫૦ હજાર સુધીની વસ્તી હોય તેવાં નગરોમાં સરકારના અનુદાનથી ચાલતાં સાર્વજનિક ગ્રંથાલયોને આ કક્ષાનાં ગ્રંથાલયો ગણવામાં આવે છે. ગુજરાતમાં અત્યારે આવાં ૧૨૫ ગ્રંથાલયો અસ્તિત્વમાં છે.

**નગરકક્ષા ૨ નાં ગ્રંથાલયો :**

૫ હજારથી વધુ અને ૨૫ હજારથી ઓછી વસ્તી હોય તે નગરોમાં સરકારના અનુદાનથી ચાલતાં સાર્વજનિક ગ્રંથાલયોને કક્ષા-૨ પ્રકારમાં મુકવામાં આવે છે. ગુજરાતમાં અત્યારે આવાં ૨૦૫ ગ્રંથાલયો અસ્તિત્વમાં છે.

**ગ્રામ ગ્રંથાલયો :**

૫૦૦૦થી ઓછી વસ્તી હોય તેવાં ગામોમાં સરકારના અનુદાનથી ગ્રામ ગ્રંથાલય ચાલે છે. આવાં ગ્રંથાલયોમાં ગ્રામ અર્થતંત્ર ,વેપાર ,હસ્તઉદ્યોગ, ધાર્મિક-સ્થાનિક રીતરિવાજો વગેરેને લગતાં પુસ્તકોનો સંગ્રહ હોય છે. ગુજરાતમાં અત્યારે 142 ગ્રામ ગ્રંથાલયો અસ્તિત્વમાં છે.

**લવાજમી ગ્રંથાલયો :-**

સાર્વજનિક ગ્રંથાલયોનો લાભ આમ જનતા કોઈ પણ ભેદભાવ વગર લઈ શકે છે. પરંતુ અમુક ખાનગી વ્યક્તિઓ કે સંસ્થાઓ લવાજમ લઈને ગ્રંથાલય સેવા આપે છે. જો કે આવાં ગ્રંથાલયો પ્રમાણમાં બહુ ઓછા છે. પરંતુ એક વીશિષ્ટ પ્રકાર તરીકે અસ્તિત્વમાં છે.

**સામાજિક સંસ્થા તરીકે સાર્વજનિક ગ્રંથાલયો**

ગ્રંથાલયો એક એવી જગ્યા છે, જ્યાં માહિતીનો સંગ્રહ થાય છે. માહિતી મોકલવામાં આવે છે, તેમજ એ જ માહિતીને પુનઃપ્રાપ્ત પણ કરી શકાય છે. ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાનના પાયામાં ગ્રંથાલય એક સામાજિક સંસ્થા છે. જે વિવિધ પુસ્તકો ,માહિતી અને જ્ઞાનનો ભંડોળ સમાજ તેમજ સમાજના લોકો સુધી પહોંચે છે. સમાજનાં જાગૃકતાની એક નવી દિશા ગ્રંથાલય દ્વારા શરૂ કરી શકાય છે. આ વિષયમાં વિદ્યાર્થીઓ ગ્રંથાલયની મૂળ અને પાયાની માહિતીથી અવગત થઈ શકે છે.

**ગ્રંથાલયો એક સામાજિક સંસ્થા**

ગ્રંથાલયના સામાજિક અને ઐતિહાસિક પાયો વિવિધ પ્રકારના ગ્રંથાલયો અને તેના કાર્યો જેમાં શૈક્ષણિક ગ્રંથાલય, સાર્વજનિક ગ્રંથાલય, વિશિષ્ટ ગ્રંથાલય અને રાષ્ટ્રીય ગ્રંથાલયનો સમાવેશ થાય છે. આ ઉપરાંત શિક્ષણમાં વિસ્તારની ગ્રંથાલયની વૈધિક અને અવૈધિક ભૂમિકાની જાણકારી પ્રાપ્ત થાય છે.

**સમાજનું સ્વ-શિક્ષણ કેન્દ્ર** :

જાહેર પુસ્તકાલય એ પુસ્તકો અને બાળકો વચ્ચેની મહત્વપૂર્ણ કડી છે. ગ્રંથાલયની ભૂમિકા માત્ર સંગ્રહની જાણવણી અને ગ્રંથાલયનું સંચાલન કરવાની નથી. તેની કેન્દ્રીય ભૂમિકા બાળકો અને પુસ્તકો વચ્ચે મિત્રતા પ્રજવલિત કરવાની છે. તે એક લોકશાહી સંસ્થા છે, જે દરેકને તેની જરૂરીયાતો અનુસાર માહિતી, શિક્ષણ અને સાંસ્કૃતિક વાતાવરણ પ્રદાન કરે છે. ગ્રંથાલય સંશોધન ક્ષેત્રની તમામ વ્યક્તિઓને માહિતી પ્રદાન કરે છે, અને વિચાર પ્રકિયા, સર્જનાત્મકતા, જીજ્ઞાસુઓને પ્રોત્સાહિત કરે છે અને શિક્ષણને વધુ ફળદાયી બનાવે છે. ગ્રંથાલયનું કાર્ય વિધાર્થીઓ, શિક્ષકો અને સંશોધકોને પાઠ્યપુસ્તકો, સંદર્ભ, સામાયિકો, વિવિધ વિષયો પર આજ સુધી કરવામાં આવેલ સંશોધનો પ્રદાન કરવાનું કાર્ય કરે છે.

**માહિતી પ્રસાર કેન્દ્ર** :

પ્રાચીનકાળથી ગ્રંથાલયને "સામાજિક સંસ્થા" તરીકે ગણવામાં આવે છે. આધુનિક સમાજમાં વિશાળ ભૂમિકા અને "જ્ઞાનનું પ્રવેશદ્વાર" તરીકે ગણવામાં આવે છે. વેબ-આધારિત સંશોધનો સહિત નવા માહિતી સ્ત્રોતો સાથે ગ્રંથાલયની ભૂમિકા અને સ્વરૂપમાં મોટો ફેરફાર થયો છે. આજે દરેક ક્ષેત્રમાં લોકો તેમની ઉમર, વ્યવસાય વગેરેને ધ્યાનમાં લીધા વિના, બાળકોથી લઈને પુખ્ત વ્યક્તિઓ તેમજ શિક્ષણથી લઈને રાજકારણીઓ,

ઉદ્યોગપતિઓથી લઈને ગૃહીણીઓ તમામ ગ્રંથાલયોનો ઉપયોગ કરે છે. સામાન્ય લોકો માટે માહિતી સુલભ બનાવવા અને ગ્રંથાલય વિશે જાગૃતિ લાવવાનું કાર્ય ગ્રંથાલયનુ  છે.

ગ્રંથાલયમાં આજના માહિતી યુગમાં પ્રિન્ટ અને નોન -પ્રિન્ટ બંને સામગ્રી રાખવામાં આવે છે. ગ્રંથાલયમાં પરંપરાગત દસ્તાવેજો જેમકે નકશા, ચાર્ટ વગેરે એક સાથે ગ્રંથાલયમાં જાળવવામાં આવે છે.

- જ્ઞાનના બ્રહ્માંડનું આયોજન
- ઓનલાઈન સામગ્રીનું સંચાલન
- ગ્રંથાલયના વપરાશકર્તાઓની જરૂરિયાતોને સમજવી
- ટેકનીકલ કૌશલ્યોનો વિકાસ
- વપરાશકર્તાઓની જરૂરિયાતનું મુલ્યાંકન કરવું.

શિક્ષણ પ્રણાલીની જરૂરિયાત મુજબનુ ઉપલબ્ધ જ્ઞાન પુસ્તકોમાં છે. ગ્રંથાલયની અન્ય વાંચન સામગ્રી સાથે પુસ્તકો મેળવી, તેને ગોઠવી, સાચવી અને વપરાશકર્તાઓ સુધી માહિતી પ્રસારિત કરવી. આ રીતે પુસ્તકાલયો મહત્વની ભૂમિકા ભજવે છે, અને સમાજનો વિકાસ કરે છે.

**સાંસ્કૃતિક કેન્દ્ર :**

સાર્વજનિક ગ્રંથાલયો દ્વારા સામાજિક સેવા અને જ્ઞાન સભર મનોરંજન પૂરું પાડવું જોઈએ. તે વિચારની ઉત્પત્તિ ઓગણીમી સદીની સંસ્કૃતિમાં શોધી શકાય છે. ખાસ કરીને આજે ગ્રંથાલયો સામાજિક કાર્યકરો બની  વધુ સારી રીતે સેવા આપતા આયામો તેમજ અન્ય ક્ષેત્રોમાં કાર્ય કરવા માટે અગ્રણી રહે છે. પુસ્તકાલયમાં સામાજિક અને

સાંસ્કૃતિક પ્રવૃત્તિ સતત થતી રહેવી જોઈએ. ઇતિહાસના પૃથ્થકરણ પરથી એવું તારણ કાઢવામાં આવ્યું છે કે ગ્રંથપાલોએ પુસ્તકોનો ઇતિહાસ, લેખન અને સંદેશવ્યવહાર પ્રિન્ટીંગ ટેકનોલોજી, કોપીરાઇટ કાયદો, પુસ્તકની રચના અને પ્રકાશન જેવા અન્ય ક્ષેત્રોમાં પણ નિષ્ણાંત બનવું જોઈએ, પરંતુ તેઓએ એ ખ્યાલ સુધી સીમિત રહેવુ જોઈએ કે પુસ્તકાલયો પુસ્તકો અને વાંચન માટેના સ્થાન છે.

**અક્ષરજ્ઞાન માટે મદદરૂપ ભૂમિકા :**

ગ્રંથાલયો એક સભ્ય સમાજ બનવવામાં મહત્વનું યોગદાન ધરાવે છે. જ્ઞાન બધા માટે જાહેરમાં ઉપલબ્ધ છે. માહિતી અને શિક્ષણના કેન્દ્રો બની સ્થાનિક સેવા પૂરી પાડે છે. રાષ્ટ્રીય અને વૈશ્વિક જ્ઞાન માટે આધુનિક સમાજમાં ગ્રંથાલયો દ્વારા લોકો માટે અવનવી પ્રવૃતિઓનું આયોજન કરવામાં આવે છે. આમ, ગ્રંથાલય એ એક સામાજિક સંસ્થા તરીકે કાર્યરત રહે છે.

**વાંચનટેવ અને સર્જનાત્મકતાનો વિકાસ :**

ગ્રંથાલય એ સામાજિક સંસ્થાઓ છે. જે શિક્ષણ અને અધ્યયન પ્રવૃત્તિઓને મદદ અને સમર્થન આપવા માટે સ્થાપિત કરવામાં આવી છે. ગ્રંથાલય એક સેવાલક્ષી સામાજિક સંસ્થા છે. જેની રાષ્ટ્ર નિર્માણમાં ભૂમિકા પર વધુ ભાર મૂકી શકાય નહી. વાંચન એ ખુબ જ મહત્વપૂર્ણ કૌશલ્ય છે, જે વિદ્યાર્થીઓએ આત્મસાત કરવું જોઈએ. કારણ કે વાંચનટેવ કોઈ શીખવી શકતું નથી શીખવવાની અને શીખવાની પ્રક્રિયા અલગ પડે છે. વાંચનની આદત એ સાક્ષાત કૌશલ્ય છે જે દરેક વિદ્યાર્થીઓ/વ્યક્તિ પાસે હોવું જોઈએ.

વાંચન સામગ્રી પૂરી પાડવાની જવાબદારી ધરાવતા ગ્રંથાલયોએ ઘણા બધા પ્રકારની માહિતી પ્રદાન કરે છે. એવા કાર્યક્રમો કે જે બાળકોને વાંચવાની ટેવ બનાવવામાં અને તેમને વાંચન પ્રત્યે જાગૃત કરવામાં મદદ કરી

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

શકે. જેમ કે વાંચન જાગૃતિ ઝુંબેશ, વાલીઓ સાથે વાર્તાલાપ, ગ્રંથાલયો બનાવવા અને અન્ય પ્રવૃતિઓ સેમિનાર,વર્કશોપ,ચર્ચા, વાર્તા કહેવા, પુસ્તક સમીક્ષા, નાટ્ય, નિબંધ સ્પર્ધાઓ વગેરે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા જોઈએ. વ્યક્તિગત રીતે અને સમાજના વિકાસને પ્રોત્સાહન આપવા માટે અન્યમાં વાંચન ટેવ વિકસાવવી જોઈએ.

**સમાજ ની જરૂરિયાત અનુસાર ગ્રંથસંગ્રહનો વિકાસ :**

વર્તમાન અને ભૂતકાળની પેઢીઓ દ્વારા બનાવેલ અને સંચિત જ્ઞાનના રેકોર્ડને સાચવવા માટે સમાજને ગ્રંથાલયોની જરૂર છે. ગ્રંથાલયો વિનાની દુનિયામાં સંશોધન અને માનવ જ્ઞાનને આગળ વધારવું અથવા ભવિષ્યની પેઢીઓ માટે વિશ્વના સંચિત જ્ઞાન અને વારસાને સાચવવું મુશ્કેલ બનશે. જેમ-જેમ સમાજ આગળ વધે છે અને આધુનિક બને છે તેમ તેમ લાઇબ્રેરીઓ પાસેથી પણ ઉપયોગકર્તાની અપેક્ષાઓ રહે છે. આપણે સમજવું જોઈએ કે ગ્રંથાલયો વિનાના સમાજનું કોઈ મહત્વ નથી અને ગ્રંથાલય વિનાના સમાજનું કોઈ મૂળ નથી. ગ્રંથાલયો ખરેખર વિકાસનો અભિન્ન ભાગ બની ગયા છે અને સમાજના વિકાસ માટે ગ્રંથ અને ગ્રંથાલય ખુબ જ ઉપયોગી થાય છે.

**સમાજ માટે લોકશાહી સંસ્થા તરીકે :**

માનવ સંસ્કૃતિના સતત વિકસતા લેન્ડસ્કેપમાં ,ગ્રંથાલયો, શાણપણ, જ્ઞાન અને સમુદાયના કાલાતીત ગઢ તરીકે ઉભા છે. પુસ્તકોના ભંડાર ઉપરાંત, ગ્રંથાલયો ગતિશીલ અને બહુવિધ સામાજિક સંસ્થાઓ છે, જેણે સમગ્ર ઇતિહાસમાં સમાજને આકાર આપવામાં મુખ્ય ભૂમિકા ભજવી છે. શિક્ષણ, સંસ્કૃતિની જાળવણી અને નાગરિક સંલગ્નતાના એક ઉમદા વિચારક તરીકે ગ્રંથાલયોએ દરેક સમાજના સામાજિક માળખા પર એક અવિશ્વસનીય

છાપ મૂકી છે જેને તેઓ સ્પર્શે છે.

વિશ્વના દરેક ખૂણામાં ગ્રંથાલયો જ્ઞાનના માર્ગને પ્રકાશિત કરે છે. લોકોને સમય અને અવકાશમાં જોડે છે. આશા, પ્રગતિ અને જ્ઞાન માનવીય શોધના દીવાદાંડી તરીકે સેવા આપે છે. સામાજિક સંસ્થાઓ તરીકે તેઓ જે સમાવે છે, તેમના દરવાજામાં પ્રવેશનારા દરેકના હૃદય અને દિમાગમાં તેઓ જે અમર્યાદિત શક્યતાઓને પ્રેરણા આપે છે.

**સારાંશ :**

સાર્વજનિક ગ્રંથાલયો એક સામાજિક સંસ્થા છે. જે સમાજના લાભ અને પ્રગતી માટે બનાવવામાં આવે છે, અને તેની જાળવણી કરવામાં આવે છે. તે વ્યક્તિના જીવનમાં અને સામુદાયિક જીવનને સમૃદ્ધ બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. જાહેર ગ્રંથાલયો એ જીવનભરના શિક્ષણ અને સ્વતંત્ર નિર્ણય લેવાની સામાજિક સંસ્થા છે.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

**સંદર્ભ :-**

ઠાકર,ધીરુભાઈ(૧૯૯૪), ગુજરાતી વિશ્વકોષ ખંડ-૬,પેજ નં. ૭૦૫,

https://dolib.gujarat.gov.in/introduction-guj.htm

https://eprint.rclis.org